નમસ્કાર ગાંધીનગર

પમરાટ

આ કુદરતને રંગબિરંગી કવિતા લખવી ફાવે છે;
ધરતીના લીલા કાગળ પર ઝાડ કશું ટપકાવે છે!

વાદળ વચ્ચે મેઘધનુષનું ક્ષણભર માટે ચિત્ર હશે,
એ જીવનની ફિલસૂફી સુંદર રીતે સમજાવે છે !

મોસમ એવી છે કે પથ્થર પર પણ,કૂણું ઘાસ ઉગે,
એ જોઇ નિષ્ફળ પ્રેમીઓ ભાગ્ય ફરી અજમાવે છે !

- હેમેન શાહ

પાથેય

- રમેશ ઠક્કર

કવિતાને નાતે...

કેવી સરસ કલ્પના છે ! ધરતીના કાગળ ઉપર વૃક્ષ કશું ટપકાવે છે ! કુદરત તો રંગબેરંગી કવિતાઓ લખ્યે જ રાખે છે..કવિઓનું જગત પણ નિરાળું છે.કવિ એટલે ઈશ્વરનું એન્ટેના...અને 'કવિતા એટલે દાદાજીની લીસી લીસી ટાલ પર એક રૂપેરી રેશમી વાળ..' અંગ્રેજીમાં કહેવાયું છે કૌંઑઁ જ ઢ્ર જૅહંક્ષ્હીજ 'દ્દીક્ષ્ફ્રિં ક્ષ્ુંૌકિદ્ઘ્ઙ કીૠ્ઢહ્રજ.."તમે કવિતા લખો છો,પણ તમારા ઘાવ કયાં છે ?" આવું હમણાં એક લબ્ધ પ્રતિષ્ઠિત કવિ નવલોહિયાને કહી રહયા હતા..નવોદિત પણ જબરો હતો,એ કહે કે "એમ તો ટાગોર પણ જમીનદારના દિકરા હતા..!દોમ દોમ સાહ્યબીમાં ઉછર્યા હતા... " આ ચર્ચાને કોઇ અંત નથી..

એ ખરું કે જે સહન કરે એ જ શબ્દ પાડી શકે..અભાવો માત્ર ગરીબીમાં જ હોય છે એવું નથી..દોમદોમ સંપતિ વચ્ચે હિજરાતી સંતતિની વેદના પણ એ જ રંગની હોય છે..બક્ષી એવુ કહેતા કે "જીવનમાં જો રડવાનું જ લખેલું હોય તો ફૂટપાથ ઉપર બેસીને રડવા કરતાં વૈભવી કારમાં બેસીને રડવાનો વિકલ્પ પસંદ કરૂં.."આને અસ્તિત્વવાદ કહેવાય..પણ ઘાવ તો દરેક જગ્યાએ હોય જ છે..

કવિ દીર્ઘ દ્રષ્ટા હોય..કોમળ હોય..ગોડ ગીફટેડ હોય... કવિ એટલે આત્માનો ચિત્રકાર, વગેરે વગેરે.માણસ કવિતા કેમ લખે છે? સંવેદી શકે છે માટે? શબ્દનું માધ્યમ મળ્યું છે માટે? વૈફલ્ય કે અતૃપ્તિ ને ચગળવા માટે? આત્મરતી કે અમર થવાની ઝંખના માટે?કોઇ ચચરાટ હોય છે..?વિસ્મય અડાબીડ છે. એની આસપાસ અનેક અચંબા છે.

શબ્દનું અવતરણ હંમેશાં વિસ્મયકારક રહયું છે..નવોન્મેષ એ તેનો પ્રાણ છે તો તાજગી એની ઓળખ.નમુનારૂપ પંકિત જુઓ..

'એક છોકરી સાવ અચાનક આંખો ઢાળે...
એક છોકરો નવી નોટનાં પાનાં ફાડે..'
તો વળી ગઝલ કમ હોય ?
'લે આ મારી જાત ઓઢાડું તને
સાહેબા, શી રીતે સંતાડું તને?
ઘર સુધી તું આવવાની જિદ ન કર
ઘર નથી, નહિતર હું ના પાડું તને ?'

અલબત કવિઓને ઘર નથી હોતું એવું પણ નથી..'નર્મદ'નું સરસ્વતિ મંદિર મહાલય જેવું ગણાતું. 'કલાપી' તો યુવાન રાજા હતા..ત્રણ ત્રણ રાણીઓ હતી..મહાલય હતો..તોય કવિ હતા..દલપતરામ શેરબજારમાં સટ્ટો રમતા..અંગ્રેજ હાકેમો સાથે ઉઠકબેઠક રાખતા..નર્મદ મુંબઈના પોશ એરિયામાં ટેસથી રહેતો. પોતાની બગી રાખતો..સરસ પાઘડી અને આકર્ષક કેડીયું પહેરતો..ર.વ.દેસાઈ આલા અફસર હતા,સુબા સાહેબ.. માથે હેટ પહેરતા, ઘોડેસવારી કરતા..ગો.મા.ત્રિપાઠી મોટા ગજાના એડવોકેટ હતા..મુંબઈમાં ઉચ્ચ જીવન જીવતા.. ઘણાં ઉદાહરણો છે..તોય આ બધા સર્જકો હતા.. જબરજસ્ત..

કવિ હંમેશાં દુઃખી જ હોય ? સુખની કવિતા ના હોઇ શકે? એક જમાનામાં કોઈક કાલ્પનિક પ્રેરણામુર્તિનું નામ લઇ કાવ્યો લખાતાં...જેમાં રમેશ પારેખની 'સોનલ' પ્રખ્યાત છે..અભાવો વાસ્તવિક હોય કે કાલ્પનિક, કવિ માટે જરૂરી છે..! કવિને બેંક એકાઉન્ટ હોય કે એ પાણીપુરી ખાતો હોય એ બાબતો આજે પણ અચરજભરી લાગે..ઘાવ છે તો જ કવિતાનો સ્રાવ છે એવું માનવું એકાંગી છે..દરેકની પોતપોતાની એક સંવેદના હોય છે. સુખની કે પછી દુઃખની.. કવિ માટે કલ્પનાઓ અનંત છે તો કવિ પણ અનંત છે..એ ખરૂં કે કવિથી વધીને મોટું કોઇ કુતુહલ જગતમાં નથી..અને એટલેજ હવે આપણું અટકવું કદાચ જરૂરી છે...કવિઓ વિષે અને એમના ઘાવો વિશે વધુ ફરી કયારેક....!

નવરાત્રી માતૃશક્તિની આરાધનાનું પર્વ છે

તંત્રીસ્થાનેથી...

નવરાત્રીના નવલા દિવસો આખા વરસની શોભા બની રહેતા હોય છે. વિશ્વના સૌથી મોટો નૃત્યોત્સવ એટલે આપણી નવરાત્રી. શક્તિની ઉપાસનાનું આ પર્વ યૌવનના તરવરાટ અને ઊર્જા વિસ્ફોટનું પર્વ બની રહ્યું છે. ગુજરાતની નવરાત્રી આજે દુનિયાના ખૂણે ખૂણે પહોંચી ગઈ છે અને એ શક્તિ આરાધના ઉપરાંત ગુજરાતની અસ્મિતાની ઓળખ પણ બની રહી છે. પર્વનો પ્રારંભ કોઈ વિશિષ્ટ ઘટનાથી થાય છે. પછી એ ગંગોત્રીમાંથી નીકળતી ગંગાની જેમ રેલાય છે. એનાં અવનવાં સ્વરુપો રચાયા આવે છે અને સમય તથા સમાજને અનુલક્ષીને એમનો સ્વીકાર તથા પરિષ્કાર થાય છે. ગુજરાતની નવરાત્રીના પ્રતિક સમો 'ગરબો' વિધવિધ રૂપે મહોર્યો છે. પુરષો વળી 'ગરબી' રમે છે. કયાંક દેશી ગરબો સચવાઈ રહ્યો છે અને ગોરી સાચુકલી ગરબો માથે ઉપાડી 'માતા આવી' હોય એમ ઝનૂનપૂર્વક ફેરફુદરડી ફરતી ગરબે ઘૂમે છે. એ વખતે જાણે હાજરાહજૂર મા અંબા આરાસુર પરથી ઊતરી આવી એના પંડમાં પેસી ગયાં હોય એવો અહેસાસ થતો હોય છે. પરંતુ વિશેષપણે હવે નવરાત્રી મહોત્સવ એ સાંસ્કૃતિક ઉત્સવ બની રહ્યો છે. અલબત્ત, એમાં ધર્મ ચેતના અકબંદ રહી છે અને જયાં જયાં વિશાળ મેદાનો, પરિસરો કે પાર્ટી પ્લોટોમાં નવરાત્રી ઉજવાય છે ત્યાં શરૂઆત અને અંત અચૂક માતાજીની સ્તુતિ તથા આરતીથી થતી હોય છે. કાળક્રમે ઉત્સવમાં વ્યાવસાયિક પરિમાણ ઉમેરાયું છે જેને કારણે એ પ્રસંગ માટે મોંઘીદાટ પૂર્વતૈયારીઓ કરવી પડે છે. કાયદો અને વ્યવસ્થા કથળે નહીં, માનવીય મૂલ્યો અને સવિશેષ મોડી રાત સુધી ઘર બહાર રહેતી યુવતીઓની ગરિમા નંદવાય નહીં એની પૂરેપૂરી તકેદારી રાખવી પડે છે. સ્વાભાવિક રીતે જ આ માતૃશક્તિની આરાધનાનું પ્રવ યૌવનના વિસ્ફોટમાં ફેરવાઈ જતું હોય છે. એટલે એક તરફ એનો મોહ છૂટતો નથી તો બીજી તરફ મા-બાપને દીકરીઓની ચિંતામાં ઉજાગરા રહે છે. એવી અવાંછિત ઘટનાઓ નિવારવા માટે ગરબાના આયોજકોથી લઈ સરકાર સુધી તમામ ખડેબગે રહે છે. સાંસ્કૃતિક અને ધાર્મિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતની ઓળખ બની ચૂકેલા આ પર્વની પવિત્રતા જળવાય એ તમામ ગુજરાતીઓની જવાબદારી બને છે. સરકારે તો ઊલટાનાં છેલ્લાં વર્ષો દરમિયાન કોરોના સંકટને લીધે નહીં ઊજવી શકાયેલ મહોત્સવ ભરપૂર જોશપૂર્વક ઊજવાય એવી અનુકૂળતા કરી આપી છે. અગાઉનાં વર્ષોમાં જે નિયંત્રણો લદાયાં હતાં તે દૂર કરી મધરાત સુધી મસ્તીથી નવરાત્રી ઊજવવાની છૂટ મળી છે. એટલું જ નહીં, નાસ્તા-પાણીના સ્ટોલ અને રેસ્ટોરંટ મોડી રાત સુધી ખુલ્લા રાખવાની પણ છૂટ જાહેર કરાઈ છે. ગુજરાતની ગરિમાને અનુરૂપ આપણાં મહાનગરો અને છેક ગ્રામ સ્તર પર્યંત માતાજીની આરાધનાનું આ પર્વ રંગેચંગે ઊજવાઈ રહ્યું છે. નીવડેલા કલાધર્મી ગાયકો રમઝટ મચાવી રહ્યા છે. આ માહોલ ફક્ત ગુજરાતમાં જ નહીં બલકે જયાં જયાં ગુજરાતીઓ વસી ગયા છે. ત્યાં દેશ-વિદેશમાં પણ જોવા મળે છે. પ્રજા ઉત્સવ પ્રિય છે. શારદીય નવરાત્રમાં નૃત્ય એ સ્વાસ્થ્ય માટે પણ ઉત્તમ વ્યાયામની ગરજ સારે છે. આપણા તમામ ઉત્સવો પાછળ વિજ્ઞાન પડેલું છે. ન્ય મહાનગરોની સરખામણીમાં ગાંધીનગર પાછળ રહે તે કેમ ચાલે ? અહીંના કર્મચારીઓએ વર્ષો પૂર્વે નગરને સાંસ્કૃતિક ઓળખ આપવા માટેના પ્રયાસ લેખે 'કલ્ચરલ ફોરમ' જેવી સંસ્થા રચી છે. કલ્ચરલ ફોરમનો નવરાત્રી મહોત્સવ પૂરા મનોયોગપૂર્વક ઉલ્લાસભેર ઉજવાય છે. રસાસણની નવરાત્રી જાણીતી છે. તો વળી દૂરદરાજનાં વાવ-થરાદ જેવાં ગામો પણ એમની જૂની પરંપરામાં થોડી આધુનિકતા ઉમેરી નવરાત્રી પર્વ રંગે ચંગે ઊજવી રહ્યા છે. મળભૂત રીતે આ શક્તિ પર્વ છે. કન્યા શક્તિનું પ્રતીક છે. એ રીતે આ પર્વ એ સકળ સૃષ્ટિના આદિપર્વ સમાન છે. ગરબો બ્રહ્માંડનું પ્રતીક છે. ચાલો, આપણે એનો મહિમા કરીએએ. જય આદ્યા શક્તિ !

મદદ માટે લંબાયેલો એક હાથ પ્રાર્થના માટે જોડાયેલા બે હાથ કરતા વધુ મૂલ્યવાન છે

"ક્યાંય તારા નામની તકતી નથી,
સલામ તારી સખાવત ને એ હવા."

- ધૂની માંડલિયા

એક માણસે ભલાઈથી અને પ્રામાણિકતાથી ધંધો કરીને પૈસો મેળવ્યો છે. એ પૈસાથી તે પોતાનો સંસાર સુખેથી નિભાવી રહ્યો છે. પરિવાર માટે તેને માયા છે. પોતાના દેહ માટે મમતા છે. સ્વાભાવિકપણે જ તેનું પૈસા તરફ વિશેષ ધ્યાન છે. આવક જાવકનાં લેખા જોખા કાળજીપૂર્વક કાઢે છે. સરવાળે ખરચ આવક કરતાં ઓછું થયું છે અને તેથી પુંજી કંઈક વધી છે. એમ જોઈ તે રાજી થાય છે. ભારે ઠાઠમાઠથી તથા તેટલા જ ભક્તિ ભાવથી તે લક્ષ્મીની પૂજા કરે છે. તેને દ્રવ્યનો લોભ હોય તોય તેની સાથે જ તેને કીર્તિ કે સામાજિક પ્રતિષ્ઠા કહો, યા પરોપકારની કહો, ખૂબ પરવા છે. દેવધર્મ માટે - એમાં દેશ પણ આવી ગયો. સમજો - દાન આપેલા પૈસાનો વ્યાજ સાથે બદલો મળે છે એવો તેને વિશ્વાસ છે. તેથી તેને માટે તે છૂટે હાથે દાન કરે છે. નાના બાળકને જેમ મા નો તેમ આસપાસના જરૂરિયાત મંદને આ વ્યક્તિનો મોટો આધાર લાગે છે.

બીજા એક માણસે આવી જ રીતે પ્રામાણિકતાથી પૈસો મેળવ્યો હતો. પણ તેથી તેને સંતોષ ન હતો. એક વખત બગીચા માટે તેણે એક કૂવો ખોદાવ્યો. કૂવો ઘણો ઊંડો ગયો. તેમાંથી થોડીક માટી, કેટલોક મોરમ અને મોટા જથ્થામાં પથ્થર નીકળ્યા. તેનો એક ટેકરો બન્યો. તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.. "મારી તિજોરીમાં પણ પૈસાનો આવો જ એક ટેકરો ભેગો થયો છે તેને લીધે બીજે ક્યાંક એવડો જ મોટો ખાડો તો નહીં પડ્યો હોય?" વિચારનો ધક્કો વીજળીના આંચકા જેવો હોય છે. આટલા વિચારથી તેની ઊંઘ ઉડી ગઈ ને તે જાગ્યો, આ કુવો જ તેનો ગુરુ બન્યો. તે કુવા પાસેથી તેને જે મંત્ર મળ્યો તેની કસોટી ઉપર તેણે પ્રામાણિકતા ઘસી જોઈ પણ તે પૂરતા કસની નથી એમ તેને જણાવ્યું. "વેપારી પ્રામાણિકતા" મેં જાળવી હોય તોય આવા રેતીના પાયા ઉપર મારું ઘર કેટલું ટકવાનું? આ વિચાર તેને ઝાંડની જેમ વળગ્યો આખરે, પથ્થર અને માટી તથા માણેક અને મોતી એમાંનો તફાવત તેને દેખાતો બંધ થયો."નકામો કૂડો કચરો સંઘરી રાખવાનો શો અર્થ છે?" એવો વિચાર કરીને તે એક દિવસ સુંદર પરોઢિયે ઉઠ્યો. બધી સંપત્તિ તેણે ગધેડાની પીઠ ઉપર લાદી અને તે લઈને ગંગાને કિનારે પહોંચ્યો. "હે માતા, મારુ પાપ ધોઈ નાખ" એમ કહી તેણે એ બધી કમાણી માતાના ખોળામાં ઠાલવી દીધી અને સ્નાન કરી મુક્ત થયો. તેને કોઈ પૂછતું કે, "પણ તમે દાન કેમ ન કર્યું?" તો તે જવાબ આપતો, "દાન કરવા જાઉં તો 'પાત્ર' જોવું પડે. અપાત્રને દાન કરવાથી ધર્મ કરવા જતા અધર્મ થઈ બેસવાની ધાસ્તી હોય છે. મને અનાયાસે ગંગાનું 'પાત્ર' મળી ગયું તેમાં મેં દાન કર્યું." એથી એ ટૂંકાણમાં તે એટલું જ કહેતો, "કચરાનું તે કંઈ દાન કરવાનું હોય?" આગળ જતાં છેવટે તે 'મૌન'થી જવાબ આપવા લાગ્યો. આવી રીતે તેણે સંપત્તિનો ત્યાગ કર્યાથી હવે તેના બધા 'જીગરના દોસ્તો' એ તેનો ત્યાગ કર્યો છે. આથી જ દાન શ્રેષ્ઠ છે.

દોસ્તો, માણસ ખાલી હાથે આવ્યો છે ને ખાલી હાથે જવાનો છે આ પવિત્ર ભાવ જ દાનશીલતાને પ્રેરે છે. માણસ માટે પૃથ્વી દાતા છે, નદી દાતા છે, પવન/દાતા છે, સૂર્યદેવ દાતા છે, વાદળ દાતા છે, આ બધાએ દાતા હોવાનો અહંકાર કર્યો નથી. પરમાત્મા સંપત્તિ - ઐશ્વર્ય માત્ર પોતાને કે પોતાના પરિવારને ઠારવા માટે નથી આપતો. સમાજ, રાજ્ય, રાષ્ટ્ર કે વિશ્વ એ આપણો બૃહદ પરિવાર છે. એને ઠારવા ઈશ્વર મનુષ્યને ધન સંપત્તિ આપે છે. એટલે જ અથર્વવેદમાં કહેવાયું છે, "સતહસ્ત્ સમાહર સહસ્ર હસ્ત સંકીર્ણ." અર્થાત સેંકડો હાથોથી 'ધન' એકઠું કરો અને હજારો હાથે તે વિતરિત કરો. ખલીલ જીબ્રાને લખ્યું છે, "એવા પણ લોકો છે જે આપતા કષ્ટ અનુભવતા નથી, આપવાનો ઉલ્લાસ પણ પ્રગટ કરતા નથી અને પોતે પુણ્ય માટે આપે છે એવો વિચાર પણ ધરાવતા નથી. જેમ સુગંધિત પુષ્પ દશે દિશાઓમાં પોતાની સુગંધ લુંટાવી દે છે તેવી ભાવના હૃદયમાં રાખે છે. આવા 'અનાસક્ત દાતાઓના હાથે અપાયેલા દાન દ્વારા ઈશ્વર બોલે છે અને પૃથ્વી પોતાનું સ્મિત પ્રગટ કરે છે.

આપણે ત્યાં ચાર પ્રકારના દાની ઓળખાવ્યા છે. એક બોલનારા પણ આપનારા નહીં, બીજા દાન આપવાનું નામ જ લેતા નથી, ત્રીજા બોલ્યા વગર દાન આપે અને ચોથા બોલતા પણ નથી ને આપતા પણ નથી. ૧૭ માં અધ્યાયમાં ગીતાકારે સાત્વિક, રાજસી અને તામસી દાનની ચર્ચા કરી છે. "જીવન અંજલિ થાજો!"એવું ગાનાર બીજાના ભૂખ- તરસ મિટાવે તો લેખે લાગે. કુદરતના મહાન તત્વો મહાદાની છે પણ એમને ક્યાંય 'નેઈમ પ્લેટ'- તકતી મુકાવી નથી.

અનુસંધાન પાના નં. ૭ પર

બંનેની એક-બીજા સાથેની 'કેમેસ્ટ્રી'નાં વખાણ થતાં રહ્યાં

''બહુ વાર થાય તને તૈયાર થતાં!'', પૂર્ણેશે મોઢું બગાડીને કહ્યું. સામે વિદિતા પણ ગાંજી જાય એમ નહોતી. ''હા, તો એકલો ઊપડી જા. કોણે તને રોક્યો છે?'' પૂર્ણેશ ભભૂકયો, ''એકલાં જવાતું હોત ને તો ક્યારનો ય જતો રહેત. બધે આમંત્રણ સજોડે આવવાનું મળ્યું છે ને એટલે!'' વિદિતાનો સ્વર પણ ઊંચો થઈ ગયો, ''હા, તો મને પણ કઈ અભરખા નથી તારી જોડે આવવાના. મારી પણ એ જ મજબૂરી છે.'' પૂર્ણેશ બબડ્યો, ''શું સમજતાં હશે લોકો! લવ-મેરેજ કર્યા એટલે છત્રીસે છત્રીસ ગુણ મળી ગયા હોય? અહીં જુએ તો ખબર પડે કે છત્રીસનો આંકડો છે!'' પણ એનો એ બબડાટ વિદિતાએ સાંભળી લીધો હતો, ''પૂર્ણેશ, આટલો બધો અફસોસ છે તો હજી ય રસ્તો ખુલ્લો છે. ડાઈવોર્સ જેવો કોઈ કાયદો પણ છે આ દેશમાં!'' પૂર્ણેશ ધૂંધવાઈ ગયો, ''બસ, વિદિતા, હવે તું વાતનું વતેસર કરી રહી છે. વાત ક્યાંથી ક્યાં લઈ જાય છે!'' સામે વિદિતાએ પણ ત્રાડ પાડી, ''શરૂઆત કોણે કરી? મેરેજ પહેલાં બે-બે કલાક મારી રાહ જોનારો કહેવાતો પ્રેમી આજે પાંચ મિનિટ પણ રાહ જોઈ શકતો નથી!''

પૂર્ણેશ સામેની ટીપોઈ પર પડેલી આમંત્રણ-પત્રિકાઓને જોઈ રહ્યો. આજે વર્લ્ડ હાર્ટ ડે હતો. શહેરમાં ઘણી જગ્યાએ ઘણા પ્રકારના કાર્યક્રમો થઈ રહ્યા હતા. જુદી-જુદી સંસ્થાઓ પોત-પોતાની રીતે આ દિવસ મનાવી રહી હતી. સંસ્થાઓએ શહેરના અગ્રણી નાગરિકોને પોતાના કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે આમંત્રિત કર્યા હતા. લગભગ દરેક સંસ્થાની આમંત્રણ-પત્રિકામાં ડો. પૂર્ણેશ મોદી અને ડો. વિદિતા મોદીનું નામ ચમકતું હતું. ડો. પૂર્ણેશ અને ડો. વિદિતા શહેરનાં ખ્યાતનામ હાર્ટ-સ્પેશિયાલિસ્ટ હતાં. બંને યુવાન હતાં પણ પોતાના ક્ષેત્રમાં ખૂબ હોંશિયાર હોવાને લીધે શહેરમાં બંનેની ખૂબ નામના હતી. એક જ મેડિકલ કોલેજમાં અને એક જ વિષયમાં સ્પેશિયલાઈઝેશનનું ભણતાં હોવાને લીધે બંને વચ્ચે પ્રણયના અંકુર ફૂટયા હતા અને પછીથી એ અંકુરો લગ્નના વટવૃક્ષમાં ફેરવાઈ ગયા હતા.

પાછાં બંને બીજી પણ અનેક પ્રવૃત્તિઓમાં રસ ધરાવતાં હતાં. એટલે આજના દિવસે એમને ઘણી જગ્યાએ જવું પડે એમ હતું. સૌથી પહેલાં તો શહેરમાં 'ટેક કેર ઓફ યોર હાર્ટ' ના વિષય પર એક ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ હતું એમાં દંપતીએ બોલવા જવાનું હતું. તે પછી શહેરની જાણીતી શાસ્રીય સંગીત શીખવાડતી સંસ્થા 'મ્યુઝિક- એ રેમેડી ફોર હાર્ટ ડીસીઝ' શીર્ષક નીચે સંગીતના સૂરો રેલાવવાની હતી એમાં એમણે અતિથિ વિશેષ તરીકે જવાનું હતું. એક નામાંકિત સ્કૂલમાં વિદ્યાર્થીઓને હાર્ટને લગતા રોગોથી કેવી રીતે બચવું તેની પર વ્યાખ્યાન આપવા જવાનું હતું. વધુમાં, એક ડોક્ટર જે બંનેના કોમન ફ્રેન્ડ અને એક લેખક પણ હતા તેમણે પોતાના હદયરોગ પરના પુસ્તકનું વિમોચન કરવાનું પણ આજે એમના હાથે જ રાખ્યું હતું. અને છેલ્લે બધા ડોકટરમિત્રોએ સપરિવાર ડિનરનો પ્રોગ્રામ રાખ્યો હતો.

''ઉફ્ફ! કેટ-કેટલી જગ્યાએ જવાનું છે અને વિદિતા કેટલું મોડું કરી રહી છે!'' પૂર્ણેશના મગજમાં ઊથલ-પાથલ થઈ રહી હતી પણ સમસમીને રાહ જોયા સિવાય છૂટકો નહોતો. તો આ બાજુ વિદિતાની મૂંઝવણ પણ ખોટી નહોતી. બધા કાર્યક્રમો એવા અલગ-અલગ તરેહના હતા કે કેવી સાડી પહેરવી એમાં એ પહેલેથી મૂંઝાઈ હતી. અધૂરામાં પૂરું આજે કામવાળી બાઈ પણ બિમાર પડી હતી એટલે બધું કામ એને માથે આવી પડ્યું હતું. એમાં પૂર્ણેશ તો પાછો જરા ય હાથ ન અડાડે!

આખરે બધું પરવારીને મોઢું ચડાવીને વિદિતા પૂર્ણેશની બાજુમાં કારમાં ગોઠવાઈ ગઈ. તો પૂર્ણેશને પણ ક્યાં એને બોલાવવાની પડી હતી? એક પછી એક પ્રોગ્રામમાં બંને સસ્મિત વદને હાજરી આપતાં રહ્યાં. બંનેની એક-બીજા સાથેની ''કેમેસ્ટ્રી''નાં વખાણ થતાં રહ્યાં! જોડી હોય તો આવી!

આખા દિવસનાં થાક્યાં-પાકયાં બંને એ વિચારે ખુશ હતાં કે આજ તો બધા મિત્રો ડિનર પર ભેગા થશે. ત્યાં પૂર્ણેશના મોબાઈલ ફોનની રિંગ વાગી. સ્ક્રીન ઉપર ''ત્રિલોક કિડની સ્પેશ્યાલિસ્ટ'નું નામ ઝળક્યું. પૂર્ણેશે ફોન ઉપાડયો, ''બોલ, બોલ, ત્રિલોક, આવે છે ને આજ રાત્રે જમવા બધાંની સાથે?''

સામે છેડેથી નિરાશ સ્વર સંભળાયો, ''ના, યાર, એ કહેવા જ તને ફોન કર્યો કે હું આજે નહીં આવી શકું. બધા મિત્રોને મારા વતી 'સોરી' કહી દેજે.'' ''પણ કેમ? કેટલા વખતે આપણે બધાં ભેગાં થઈશું? કઈ પ્રોબ્લેમ તો નથી ને?'', પૂર્ણેશને ચિંતા થઈ આવી.

''ના, ના, મારે કોઈ પ્રોબ્લેમ નથી. પણ તું તો જાણે છે ને કે આપણું કામ જ એવું છે કે ગમે ત્યારે પર્સનલ કમિટમેંટો તોડવાં પડે. આજે એક કિડની ટ્રાન્સપ્લાન્ટનું ઓપરેશન છે. આજના ડિનરની ડેટ ફિક્સ કરતી વખતે સાલું એ મારા ધ્યાન બહાર જ જતું રહ્યું. અને પેશન્ટ આવીને ઊભું છે.''

''ઓહ..'', પૂર્ણેશના હોઠેથી નિઃસાસો સરી પડ્યો, ''એમને પાછી ના તો પાડી શકાય નહીં ને?'' ''ના દોસ્ત'', સામે છેડેથી ત્રિલોક બોલી રહ્યો હતો, ''પેશન્ટની કન્ડિશન એવી છે કે ટ્રાન્સપ્લાન્ટ ટાળી શકાય એમ નથી. જેમને કિડની મળવાની છે એ ૬૫ વર્ષના દાદા છે. અને જે કિડની આપી રહ્યાં છે એ એમનાં પત્ની ૬૪ વર્ષનાં દાદીમા છે. બંને ગામડાંનાં, અભણ જેવાં વ્યક્તિઓ છે. દાદાએ બહુ ના પાડી કે હું તો હવે ખરતું પાન કહેવાઉં, મારે કિડનીની કોઈ જરૂર નથી અને એ ય મારી ઘરવાળીની જ કિડની લેવાની? પણ દાદી જિદે ચડ્યાં હતાં કે મારી જિંદગી તો તમારે લીધે અને તમારા માટે જ છે.'' ત્રિલોકના શબ્દો પૂર્ણેશને વિચારમગ્ન કરી રહ્યા હતા.

'વર્લ્ડ હાર્ટ ડે'ના પ્રવચનો અને ભાષણોથી દૂર, ઓપરેશન-ટેબલ ઉપર જઈ રહેલા એક ડોસાની આભારવશ આંખોમાંથી ટપકી રહેલાં આંસુઓનાં તોરણ અને એક ડોસીના કરચલીવાળા ચહેરા ઉપર પ્રગટેલા પ્રેમાળ સ્મિતની વચ્ચે એક બીજો અનોખો હાર્ટ ડે ઉજવાઈ રહ્યો હતો.

ગર્લફ્રેન્ડ માંગે હર કોઈ, શાંતિ પામે ના કોઈ અઢી અક્ષર દોસ્તીના, સમજી લે સુખી હોઈ

સંત કબીર સાહેબની ક્ષમા યાચના સાથે એમના એક ખૂબ સરસ દોહાને મેં આજના સમય પ્રમાણે ફેરવીને લખ્યો છે. આજે માણસને ખબર છે કે જીવનમાં ખુશ રહેવા એમાં પ્રેમની હાજરી અનિવાર્ય છે પણ એ પ્રેમનું સ્વરૂપ શું હોવું જોઈએ એ બાબતે બિચારો આમથી તેમ ગોથા ખાય છે.

એક સ્ત્રી અને પુરુષ એકમેકને ચાહે અને એમનો એ સાથ દુનિયાની બધી સીમા ઓળંગી જવા જેટલો આગળ વધે એને પ્રેમ કહેવાય એ ખરું પણ ફક્ત એ જ પ્રેમ છે એમ માની લેવું ગલત છે. પુરુષ અને સ્ત્રી પ્રેમીઓ બને એ તો દૂરની વાત છે સૌથી પહેલાં એમની વચ્ચે વાત થવી જરૂરી છે. વાતચીત થવા માટે પણ એકબીજા પ્રત્યે આકર્ષણ જાગવું જરૂરી છે. આ આકર્ષણની સૌથી મોટી મગજમારી તે કે એ જ્યાં જાગવું જોઈએ ત્યાં જાગતું નથી અને ખોટી જગ્યાએ શમતું નથી!

આ આકર્ષણ એટલે જ પ્રેમ! તમે પ્રેમની વ્યાખ્યા કરી જુઓ અને પછી આકર્ષણની વ્યાખ્યા વિચારો. બંનેમાં સામ્યતા જણાશે. એક વખત એક છોકરો છોકરી ફેસબુકમાં મળ્યાં. એમની વચ્ચે સારું બનવા લાગ્યું, આકર્ષણ જાગ્યું. બંને પરણેલા હતાં અને બંને એ જાણતા હતાં છતાંય એમની વચ્ચેનું આકર્ષણ યથાવત રહ્યું એટલે છોકરાએ થોડીક છૂટછાટ લેવા માંડી. એ છોકરીના દરેક ફોટા પર લવ રીએક્ટ કરતો, કૉમેન્ટમાં ચુંબનો ઉડાડતા ઈમોજી મોકલતો અને આખો દિવસ, મોડી રાત સુધી મેસેન્જર પર વાતો ચાલું ને ચાલું... શરૂઆતમાં છોકરીએ કોઈ વાંધો ના લીધો. એણે પણ છોકરાને સામે ગુલાબના ફૂલ મોકલ્યા, આઈ લવ યુ લખેલા સ્તિકર્સ મોકલ્યા. હવે આ લોકો વચ્ચે જે પણ ચાલતું હતું એ આમ જુઓ તો સાવ નોર્મલ હતું. બે માણસોને એકબીજાની કંપની ગમે છે અને એ લોકો એમની રીતે એ વ્યક્ત કરે છે પણ દુનિયાને આ બધું ક્યાં ગમવાનું! તરત ચર્ચા થવા લાગી કે આ બંને વચ્ચે કંઈક છે...

અહીંયા જે છોકરી છે એણે એની મરજીથી એને ગમતા છોકરા સાથે લવ મેરેજ કર્યા હતા અને એ એના જીવનમાં ખુશ હતી. ફેસબુકમાં એ આપણા હીરો સાથે જે કરી રહી હતી એ બધું એક ગમ્મત માત્ર હતું. એમાં પ્રેમ હતો, એને એ છોકરા પ્રત્યે લાગણી હતી એની ના નથી પણ એ પ્રેમનું સ્વરૂપ જુદું હતું. એ જેવો પ્રેમ એના પતિને કરતી હતી એવો જ પ્રેમ આ છોકરા તરફ ન હતો. સામે છોકરો પણ આ બધું સારી રીતે જાણતો હોવા છતાં એની પોસ્ટ પર કોઈ સુંદર છોકરી આવી રોમેન્ટિક કૉમેન્ટ કરી જાય એ જોઈ બીજા લોકોને જે ઈર્ષા થતી એ જોવાની લાલચમાં એણે આ બધું ચાલું રાખેલું. છોકરીએ એક દિવસ છોકરાને કહી દીધું કે તું હવે મારા ફોટા પર લવ રીએક્ટ ના કર અને કૉમેન્ટ કરે તો એમાં ધ્યાન રાખ તારી આવી હરકતોથી સમાજમાં મારી બદનામી થઈ શકે છે.

એ છોકરા છોકરી વચ્ચે પછી શું થયું હશે એની તમે કલ્પના કરી શકો છો. બંને વચ્ચેની દોસ્તી તૂટી ગઈ કે પછી કોઈ એવા છાના ખૂણે વાર્તાલાપ ચાલું રહ્યો જે દુનિયાની નજરથી છુપાયેલો રહી શકે. એમણે ફરજિયાતપણે લોકોને એ દેખાડવું પડ્યું કે અમારી વચ્ચે કંઈ જ નથી. મને એમ થાય કે પહેલાં એમની વચ્ચે એવું શું હતું જે હવે નથી રહ્યું? એમની વચ્ચે પહેલાં જે હતું એ દોસ્તી હતી અને હજી કંઈ બચ્યું હશે તો એ પણ દોસ્તી જ છે... તું મારી ગર્લફ્રેન્ડ અને હું તારો બોયફ્રેન્ડ આ નખરામાંથી બહાર આવી પહેલેથી જ એમણે એમના પ્રેમને દોસ્તીનું રૂપ આપ્યું હોત તો કદાચ આજે પણ એ લોકો દુનિયાની સામે એકબીજા સાથે રહી શક્યા હોત.

આજે કોઈ છોકરી છોકરાને કહે કે હું તને ચાહું છું પણ એક મિત્ર તરીકે, ત્યારે અમુક છોકરાને એ નથી ગમતું. એમને એ પ્રેમમાં દોસ્ત નહીં પણ પ્રેમિકા જોઈએ છે. કેટલાય છોકરા આવું સાંભળ્યા બાદ એ છોકરી સાથે વાતચીત ઓછી કરી દે છે. કોઈ છોકરી એના મનમાં શું ચાલી રહ્યું છે એ સ્પષ્ટપણે તમને જણાવી રહી છે તો એ સારી વાત છે એટલી સમજ ખબર નહીં બધા છોકરાઓમાં હજી ક્યારે આવશે!

એક છોકરી હતી. થોડીક જાડી, કાળી અને ઠીક ઠીક કહી શકાય એવી. એને મનમાં એમ કે એને ક્યારેય કોઈ સારો દેખાતો છોકરો પસંદ નહીં કરે. હવે એ ભલે ઠીકઠાક દેખાતી હોય પણ એને બીજા ઠીકઠાક દેખાતા લોકોથી એલર્જી હતી. એને કોઈ હીરો જેવો રૂપાળો છોકરો એના બોયફ્રેન્ડ તરીકે જોઈતો હતો. એણે એક ઉપાય શોધી લીધો. લોકો આગળ એ એવી રીતે વર્તવા લાગી કે એ ખૂબ આધુનિક વિચારધારાની છે. ગાળો બોલવી, ગંદા જોક્સ કહેવા, આખો દિવસ કોલેજના છોકરાઓ સાથે જ ઉઠવું બેસવું વગેરે એના જીવનનો એક ભાગ થઈ ગયો.

એનું આ વર્તન એને કામ આવ્યું. એની જ કોલેજમાં ભણતો એક ઓછા બોલો પણ દેખાવડો યુવક આ બિન્દાસ્ત છોકરી સાથે ફરવા લાગ્યો. અહીં બંનેની જરૂરિયાત પૂરી થતી હતી. છોકરો થોડો ઢીલો હતો એને કોલેજમાં જ્યાં જરૂર પડે ત્યાં આ લેડી ડોન કામ આવતી અને એ છોકરીને એક દેખાવડો બોયફ્રેન્ડ મળી ગયેલો. જેવી કૉલેજ પૂરી થઈ છોકરો એના ઘરે ઉપડી ગયો. છોકરી માટે ખરી મુશ્કેલી હવે જ ઊભી થઈ.

છોકરીએ એની સાથે વાત કરવાનો પ્રયાસ કર્યો અને પોતે એને કેટલું ચાહે છે એ કહ્યું ત્યારે છોકરો ખડખડાટ હસી પડ્યો અને જણાવ્યું કે તારા જેવી જાડી અને ભદ્દી સ્ત્રી સાથે લગ્ન કરવા કરતાં તો હું આત્મહત્યા કરી લેવાનું પસંદ કરું! તું મારા માટે એક દોસ્તથી વધારે કંઈ નથી. દોસ્તીનો ધી એન્ડ આવી ગયો. અહીંયા છોકરી ફક્ત દોસ્ત બનીને રહી હોત કે પહેલાં જ એના મનની વાત કહી દીધી હોત તો વાર્તાનો અંત કદાચ અલગ હોત.

એક સિમ્પલ વાત છે, તમને કોઈ વ્યક્તિ સાથે વાત કરવાનું ગમે છે, એનો સાથ ગમે છે તો એ જેમ છે એમ તેનો સ્વિકાર કરો. એમાં વચ્ચે જબરદસ્તી પ્રેમ કે પ્રેમનું નાટક ઉભુ કરવાનું રહેવા દો.

અમસ્તું,

પ્રયત્ન કરવાથી દોસ્તી થઈ શકે છે પ્રેમ નહીં. પ્રેમ રૂપી પુષ્પ તો એની મેળે ખીલે ત્યારે જ મજા રહે...

@Niyati Kapadia